# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-02-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. **વિધાનસભામાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, રાજ્ય પોલીસે બે વર્ષમાં ત્રણ હજાર 727 કરોડ રૂપિયાનો કેફી પદાર્થ કબજે કર્યો**
2. **રાજ્યમાં ગૌમાંસ અને ગૌવંશની ગેરકાયદે હેરાફેરી કરનારા આરોપીઓ સામે કડક કાર્યવાહી કરાશે**
3. **મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, રાષ્ટ્રમંડળ રમતની યજમાનીથી ગુજરાતને દેશના રમતગમત પાટનગર તરીકે વિકસાવવાની પ્રક્રિયાને ગતિ મળશે.**
4. **રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં ગેરકાયદે દબાણ દૂર કરી 350 કરોડ રૂપિયાની જમીન ખૂલ્લી કરાવાઈ**
5. **અમદાવાદનાં નગરદેવી માઁ ભદ્રકાળી આવતીકાલે નગરચર્યાએ નીકળશે**

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## DRUGS ZERO TOLERANCE

રાજ્ય પોલીસે ગત બે વર્ષમાં ત્રણ હજાર 727 કરોડ રૂપિયાનો કેફી પદાર્થ કબજે કર્યો છે. સાથે જ પોલીસે ગુજરાત સહિત અન્ય રાજ્યમાંથી કેફી પદાર્થના કારખાના પણ પકડ્યા છે. રાજ્યમાં કેફી પદાર્થ વિરૂદ્ધ સરકારે લીધેલા પગલાંઓ અંગે વિધાનસભા ગૃહમાં માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ વાત કહી.

આ અંગે વધુ માહિતી આપતા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ કહ્યું, ગત બે વર્ષમાં રાજ્યમાં એક હજાર 647 ગુના નોંધાયા છે. તેમાં અંદાજે ત્રણ હજાર 727 કરોડ રૂપિયાનો 41 હજાર કિલો કેફી પદાર્થ જપ્ત કરાયો છે. ગત 2 વર્ષમાં જામનગર અને કચ્છમાં 135 ગુના હેઠળ 306 આરોપીની ધરપકડ કરી 244 કરોડ રૂપિયાથી વધુની કિંમતનો કેફી પદાર્થ કબજે કરાયો હોવાનું શ્રી વેકરિયાએ ઉંમેર્યું હતું.

----------

## GAUVANSH SANRAKSHAN

**રાજ્યમાં ગૌમાંસ અને ગૌવંશની ગેરકાયદે હેરાફેરી કરનારા આરોપીઓ સામે કડક કાર્યવાહી કરાશે, તેમ રાજ્ય સરકારનો સ્પષ્ટ સંદેશ છે. વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા કાયદા અને ન્યાયતંત્ર રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ કહ્યું, ગત બે વર્ષમાં રાજ્યભરમાંથી ગૌવંશની હેરાફેરી કરનારા એક હજાર 810 લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમજ કુલ 629 જેટલા ગુના પણ નોંધાયા છે.**

**જ્યારે એક હજાર 800 ગોવંશને કતલખાને જતા બચાવી 433 વાહન જપ્ત કરાયા છે. એટલું જ નહીં, 184 આરોપી સામે PASA એટલે કે, અસામાજિક પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધાયો અને 50 આરોપીને તડીપાર કરાયા છે.**

આવા આરોપીઓની છ કરોડ રૂપિયાની 39 મિલકતને પણ તોડી પડાઈ હોવાનું શ્રી વેકરિયાએ ઉંમેર્યું હતું.

----------

## RUSHIKESH PATEL

ઉર્જા અને પંચાયત મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, રાષ્ટ્રમંડળ રમતની યજમાનીથી ગુજરાતને ભારતના રમતગમતના પાટનગર તરીકે વિકસિત કરવાની પ્રક્રિયાને નવી ગતિ મળશે. વિધાનસભા ગૃહમાં અંદાજપત્રની સામાન્ય ચર્ચાના પ્રથમ દિવસે જવાબ આપતા મંત્રીશ્રીએ આ વાત કહી.

તેમણે કહ્યું, ગત પાંચ વર્ષથી ગુજરાત સ્ટાર્ટ-અપ ક્ષેત્રમાં સમગ્ર દેશમાં પહેલા ક્રમે છે. રાજ્યભરમાં સંશોધન અને ઉદ્યોગસાહસિકતા તથા નવિનતાને પ્રોત્સાહન આપવા IIT મૉડેલ આધારિત અમદાવાદમાં સંશોધન ઉદ્યાન તૈયાર કરાશે તેમ પણ મંત્રીશ્રીએ ઉંમેર્યું.

----------

## VGRC SAURASHTRA KUTCH

સૌરાષ્ટ્ર-કચ્છની વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં પ્રવાસન માળખાગત વિકાસ માટે એક હજાર 527 કરોડ રૂપિયાના કરાર થયા. આ અંગે વિધાનસભા ગૃહમાં પ્રવાસન રાજ્યમંત્રી જયરામ ગામિતે કહ્યું, આ કરાર મુજબ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઇકો-ટૂરિઝમના વિકાસ માટે અને હૉટેલ્સ, રિસોર્ટ્સ અને અદ્યતન તાલિમ સંસ્થાનની સ્થાપના કરાશે. તેનાથી રોજગારીની તકનું સર્જન થશે. ખાસ કરીને રણ વિસ્તારમાં ઉદ્યોગ અને રોજગારીને પ્રોત્સાહન મળશે.

ઉપરાંત ઐતિહાસિક અને ધરોહર મિલકતોને રક્ષણ મળવાની સાથે વારસાનું જતન થશે. આ આયોજનથી રાજ્યની 'બ્રાન્ડ ઇમેજ' રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય સ્તરે વધુ મજબૂત બનશે તથા રાજ્યના પ્રવાસન ક્ષેત્રનો સર્વાંગી વિકાસ થશે તેવો વિશ્વાસ શ્રી ગામિતે વ્યક્ત કર્યો.

----------

## VALSAD ROAD MANJURI

**વલસાડમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 56ના ખાનપુર-કરવડ સેક્શન માટે 647 કરોડ રૂપિયાથી વધુની રકમને મંજૂરી મળી છે. દક્ષિણ ગુજરાતની પરિવહન વ્યવસ્થામાં ફેરફાર લાવવા કેન્દ્ર સરકારે આ મંજૂરી આપી છે. 45 કિલોમીટરના લાંબા પટ્ટાનું નવિનીકરણ કરાશે. આ સુવિધાથી અંતરિયાળ વિસ્તાર અને શહેરનું અંતર ઘટશે. આ અંગે સાંસદ ધવલ પટેલે પ્રતિક્રિયા આપી.**

(BYTE: DHAVAL PATEL, MP, VALSAD-DANG)

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

## REV JANGLESHWAR DEMOLITION

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં મહાનગરપાલિકા દ્વારા ગત બે દિવસમાં એક હજાર 489 જેટલા ગેરકાયદે દબાણ હટાવાયા છે. આ સાથે જ અંદાજે 350 કરોડ રૂપિયાની કિંમતની 88 હજાર 750 ચોરસ મીટરની જમીન ખૂલ્લી કરાવવામાં આવી છે. આ કામગીરીમાં મહાનગરપાલિકાના એક હજાર 512 અધિકારી અને કર્મચારીઓ જોડાયા હતા. આ દબાણ હટાવવાથી ચોમાસા દરમિયાન સરળતાથી કામ થઈ શકશે. આ અંગે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ વધુ માહિતી આપી.

(BYTE: TUSHAR SUMERA, MUNICIPAL COMMISSIONER, SMC)

----------

## AMD BHADRAKALI SHOBHAYATRA

**અમદાવાદ શહેરના સ્થાપના દિવસે આવતીકાલે નગરદેવી માઁ ભદ્રકાળીની ભવ્ય નગરયાત્રા યોજાશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આ નગરયાત્રાનું પ્રસ્થાન કરાવશે. આ માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. તેમજ ભક્તોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.**

(VOICECAST: PRAVESH ADIACHA)

*(.... અમદાવાદનાં નગરદેવી માઁ ભદ્રકાળી માતાજી આવતીકાલે નગરચર્યાએ નીકળશે. નગરયાત્રામાં માતાજીની જે મૂર્તિને પાલખીમાં બેસાડવામાં આવશે તે પાલખીની શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે પૂજા-અર્ચના કરવામાં આવી. ભદ્રકાળી મંદિરના ટ્રસ્ટિ શશિકાન્ત તિવારીએ કહ્યું,*

*ભદ્રકાળી દેવીની નગરયાત્રા માટે ચલિત મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. આ મૂર્તિને રથ સુધી પહોંચાડવા સીસમના લાકડામાંથી બનાવવામાં આવી છે. આવતીકાલે માતાજીની આ પાલખી નીજ મંદિરથી પ્રસ્થાન કરીને ત્રણ દરવાજા, માણેકનાથ બાબાના મંદિર, ગાંધી રોડ, ખાડિયા ચાર રસ્તા, રાયપુર ચકલા, ચકલેશ્વર મહાદેવ, ઢાળની પોળ થઈને મ્યુનિસિપલ કોઠા, જમાલપુર જગન્નાથજી મંદિર અને ત્યાંથી રિવરફ્રન્ટ થઈને મહાલક્ષ્મી માતાજીના મંદિર, ગણેશ મંદિર વસંત ચોક, બહુચરાજી મંદિર થઈ નીજ મંદિરે પરત આવશે.*

*અમદાવાદના પ્રતિનિધિના અહેવાલ સાથે હું પ્રવેશ અડિએચા)*

----------

## WEATHER FORECAST

સૌરાષ્ટ્ર સહિત રાજ્યના કેટલાક જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર આગામી 24 કલાકમાં હળવા વરસાદની આગાહી છે. હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, આગામી સાત દિવસ ગરમીનું પ્રમાણ યથાવત્ રહી શકે છે. તેમજ માર્ચ મહિનાની શરૂઆત સાથે જ ઉનાળાની ખરી ગરમીના અનુભવની સંપૂર્ણ શક્યતા છે.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

----------

## POLICE OFFICERS BHARATI

રાજ્યમાં 10 હજાર 288 પોલીસ અધિકારીની ભરતીની પ્રક્રિયા હાલ પ્રગતિમાં છે. વિધાનસભા ગૃહમાં આ માહિતી આપતા કાયદા અને ન્યાયતંત્ર રાજ્યમંત્રી કૌશિક

વેકરિયાએ કહ્યું, ગત બે વર્ષમાં કુલ 11 હજાર 100 પોલીસ અધિકારીને બઢતી અપાઈ છે.

વડોદરા શહેરમાં પોલીસ મહેકમની ખાલી જગ્યાઓ અને કાયદા-વ્યવસ્થાની સ્થિતિનો જવાબ આપતા તેમણે કહ્યું, જાન્યુઆરી 2026માં વડોદરા શહેરમાં એક હજાર 131 પોલીસ કૉન્સ્ટેબલની સીધી ભરતીથી નિમણૂક કરવામાં આવી છે.

----------

## BOARD EXAMS OVERALL

રાજ્યભરમાં આવતીકાલથી ધોરણ 10 અને 12 બૉર્ડની પરીક્ષાનો પ્રારંભ થશે. રાજ્યના 15 લાખથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે. ત્યારે રાજ્યભરમાં પરીક્ષા કેન્દ્ર પર સીસીટીવી કેમેરા, કડક સુરક્ષા વ્યવસ્થા સહિતની સુવિધા કરવામાં આવી છે.

કચ્છના કલેક્ટર આનંદ પટેલે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી તેમને આત્મવિશ્વાસ સાથે અને ભય વિના પરીક્ષા આપવા અપીલ કરી છે.

ભાવનગરમાં પરીક્ષા માટે આગામી 19 માર્ચ સુધી કન્ટ્રોલ રૂમ કાર્યરત્ રહેશે. વિદ્યાર્થીઓ અથવા વાલીઓ પરીક્ષા સંબંધિત કોઈ પણ મૂંઝવણ કે માર્ગદર્શન માટે સવારે સાત વાગ્યાથી રાત્રે આઠ વાગ્યા સુધીમાં કન્ટ્રોલ રૂમનો સંપર્ક કરી શકશે.

----------

## POLICE OFFICERS BHARATI

રાજ્યમાં 10 હજાર 288 પોલીસ અધિકારીની ભરતીની પ્રક્રિયા હાલ પ્રગતિમાં છે. વિધાનસભા ગૃહમાં આ માહિતી આપતા કાયદા અને ન્યાયતંત્ર રાજ્યમંત્રી કૌશિક

**વેકરિયાએ કહ્યું, ગત બે વર્ષમાં કુલ 11 હજાર 100 પોલીસ અધિકારીને બઢતી અપાઈ છે.**

**વડોદરા શહેરમાં પોલીસ મહેકમની ખાલી જગ્યાઓ અને કાયદા-વ્યવસ્થાની સ્થિતિનો જવાબ આપતા તેમણે કહ્યું, જાન્યુઆરી 2026માં વડોદરા શહેરમાં એક હજાર 131 પોલીસ કૉન્સ્ટેબલની સીધી ભરતીથી નિમણૂક કરવામાં આવી છે.**

----------

## BHARUCH ST BUS

ભરૂચ જિલ્લા એસ. ટી. વિભાગ દ્વારા પ્રવાસીઓને બસમાં ગંદકી ન કરવા અનુરોધ કરાયો છે. એસ. ટી. ડેપોના મેનેજર વી. આર. છત્રીવાલાએ બસમાં ગંદકી કરનારાઓ  સામે કાર્યવાહી કરાશે, તેમ જણાવ્યું...

**(BYTE: V. R. CHHATRIWALA, MANAGER, ST DEPO)**

----------

## RAJKOT TRAIN STOPAGE

**ભાવનગર-ઓખા-ભાવનગર એક્સપ્રેસ અને ઓખા-રાજકોટ-ઓખા લૉકલ ટ્રેનને આવતીકાલથી આગામી પાંચ માર્ચ સુધી લાખાબાવળ રેલવે મથક પર સ્ટૉપેજ નહીં અપાય. રાજકોટ ડિવિઝનના આ મથક પર નવા ફૂટ ઑવરબ્રિજના નિર્માણકાર્યના કારણે આ બંને ટ્રેનના સ્ટૉપેજને હંગામી ધોરણે રદ કરાયા છે.**

----------

## AMBAJI HOLIKA DAHAN

શક્તિપીઠ અંબાજી ખાતે આગામી હોળી અને ફાગણ પૂનમ નિમિત્તે મંદિરમાં દર્શન અને આરતીના સમયમાં ફેરફાર કરાયો છે. ત્રીજી માર્ચે ચંદ્રગ્રહણ હોવાથી બીજી માર્ચે સાંજે 6.30 વાગ્યે હોળી પ્રગટાવાશે. ત્યારબાદ સાંજની આરતી 7.30 થી આઠ વાગ્યે કરાશે. આ પહેલા સવારે 7.30થી 8 વાગ્યે આરતી અને ત્યારબાદ ભક્તો આઠથી 11.30 વાગ્યા સુધી દર્શન કરી શકશે. બપોરે 12 વાગ્યે માતાજીને રાજભોગ ધરાવાશે.

જ્યારે ત્રીજી માર્ચે સવારે 6થી 6.30 સુધી આરતી અને 7.30 વાગ્યા સુધી દર્શન કરી શકાશે. ઉપરાંત સવારે 7.30થી 8 વાગ્યા સુધી માતાજીને રાજભોગ ધરાવાયાં બાદ સવારે આઠથી રાત્રે 9.30 વાગ્યા સુધી મંદિર મુખ્ય દર્શન માટે બંધ રહેશે.

----------

## DNH CYBER RAKSHAK

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલીમાં સાયબર છેતરપિંડી અને ઑનલાઈન નાણાકીય ગુનાઓને ધ્યાનમાં રાખી સાયબર રક્ષક પહેલનો પ્રારંભ કરાયો છે. તેનો ઉદ્દેશ જિલ્લામાં સાયબર જાગૃતિ મજબૂત બનાવવાનો અને નાગરિકોને સલામત ડિજિટલ વ્યવહાર અંગે માર્ગદર્શન આપવાનો છે.. તે અંતર્ગત વિવિધ શાળાઓ અને મહાવિદ્યાલયના 500 વિદ્યાર્થીને સાયબર રક્ષક તરીકે તાલીમ અપાશે.

----------

# JMR CRYSTAL MALL MOCKDRILL

જામનગરમાં કલેક્ટર કચેરી અને ક્રિસ્ટલ મૉલ ખાતે રાષ્ટ્રીયકક્ષાની ઉચ્ચસ્તરની મૉકડ્રીલ – કવાયત યોજાઈ. આતંકી હુમલા સામે તંત્રની સજ્જતા ચકાસવા જિલ્લા વહીવટી તંત્ર, રાષ્ટ્રીય સુરક્ષા રક્ષક – NSG અને ચેતક કમાન્ડો દ્વારા આ કવાયત હાથ ધરાઈ. દરમિયાન NSG અને કમાન્ડો દ્વારા તમામ સાત જેટલા ઉપદ્રવીઓનો ખાતમો કરી 12 જેટલા બંધકને સલામત રીતે બચાવી લેવાયા. આ કવાયત દ્વારા સુરક્ષા વ્યવસ્થાની પણ ઊંડાણપૂર્વક ચકાસણી કરવામાં આવી.

. . . . . . . . . . . . .

# RAJKOT TRAIN TRAIL

પશ્ચિમ રેલવે દ્વારા જામનગર-લાખાબાવળ 10 કિલોમીટરના સૅક્શન વચ્ચે નવનિર્મિત અપ મૅઇન લાઇન અને ડાઉન મૅઇન લાઇનનું આવતીકાલે સુરક્ષા નિરીક્ષણ કરાશે. રાજકોટ-કાનાલુસ ડબલિંગ પ્રૉજેક્ટ અંતર્ગત રેલવે સેફ્ટી કમિશનર આ નિરીક્ષણ કરશે.

દરમિયાન નવી રેલ લાઇનની સુરક્ષા, સ્થિરતા અને ટૅક્નિકલ માપદંડની ચકાસણી કરવા બંને લાઇન પર 120 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ટ્રૅનનું સ્પીડ ટ્રાયલ કરાશે. આ કામગીરી વખતે લોકોને રેલવે ટ્રૅકથી સુરક્ષિત અંતર જાળવવા અને પાટાની આસપાસ અવરજવર કરવા ટાળવા અપીલ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .